सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૦/૦૪/૨૦૨૨ | | |
| રજી. તારીખ | : | ૨૦/૦૪/૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | : | ૧૨/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | : | <u>વર્ષ</u> | <u>માસ</u> | <u>દિવસ</u> |
| | | | | |

**આંક-**

*********************************************************

**મુન્દ્રા તાલુકાનાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મુકામ: મુન્દ્રા -કચ્છ**

*********************************************************

**<u>ફોજદારી કેસ નં.૬૩૦/૨૦૨૨</u>**

**<u>ફરીયાદી:-</u>** **<u>શ્રી સરકાર</u>**.

મુંદરા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર- ૧૧૨૦૫૦૩ ૨૨૦૦૦૮૫ /૨૦૨૦, તારીખ- ૦૨/૦૨/૨૦૨૦
મૂળ ફરિયાદી- જાનમામદ આદમ ભટ્ટી,
રહે- હાલ સુખપુર વાસ, ગામ-મુન્દ્રા, તા- મુન્દ્રા-કચ્છ

**<u>વિરુધ્ધ</u>**

**<u>આરોપી:-</u>** **ગીરધારીસિંહ ઉમેદસિંહ રાઠોડ,** ઉ.વ.૪૨.
ધંધો:- પ્રાઈવેટ નોકરી,
મુળ રહે, રસીદપુર, નાગૌર, થાણા–મૌલાસર રાજસ્થાન.
હાલે રહે, સાવેત્રી નગર સોસાયટી, સમાઘોઘા,
તા–મુન્દ્રા–કચ્છ

**<u>તહોમત:-</u>** **<u>ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા ધી.એમ.વી. એકટ ની કલમ- ૧૭૭, ૧૮૪ મુજબ.</u>**

*********************************************************

**ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે.એમ.પ્રજાપતિ.**
**આરોપી તરફે વિ. વકીલ શ્રી શ્રી કે.એમ.ગાગીયા.**

*********************************************

**-:: ચુકાદો ::-**

(૧) મુળ ફરિયાદી જાનમામદ આદમ ભટ્ટી ઉ.વ.૫૬ ધંધો– માચ્છીમારી, રહે સુખપુરવાસ, મુન્દ્રાનાઓએ તારીખ ૦૨/૦૨/૨૦૨૦ ના રોજ આપેલ ફરિયાદ હકીકત મુજબ, ફરિયાદ પક્ષનો કેસ એવો છે કે, તેઓ તારીખ ૦૧/૦૨/૨૦૨૦ ના રોજ તેની પત્ની સકુરાબાઈ સાથે પોતાના મોટરસાઈકલ પલ્સર નંબર જી.જે.૧૨ ડી.એલ.૦૩૪૭ પર ઝરપરાથી પરત સુખપુરવાસ તરફ આવતા હતા તે વખતે તેઓ ન્યુ મુન્દ્રા સંતોશી માતાના મંદિર નજીક રોડ પર પહોંચતા મુન્દ્રા ગામ તરફથી એક મો.સા. ચાલક પોતાનું વાહન ફુલ સ્પીડમાં લાવેલ અને ફરિયાદી બ્રેક મારી ઉભા હતા ત્યારે તેણે મો.સા. સાથે ભટકાવી દિધેલ, જેથી ફરિયાદી અને તેની પત્ની બન્નેને રોડ પર ફગાવી દીધેલ અને તે વખતે આ બાઈક ચાલક તથા આજુબાજુના માણસોએ આવીને ફરિયાદી અને તેના પત્નીને ઉભા કરેલ અને તે વખતે ફરિયાદીનો દિકરો મુસ્તાક પણ આવી ગયેલ. ફરિયાદી એ આ મો.સા.ના નંબર જોતા જી.જે.૧૨ સી.ઈ.૨૧૮૦ હતા. જેના ચાલક પણ પોતાનું વાહન ત્યાં મુકીને ફરિયાદી સાથે દવાખાને આવેલ. આ બનાવે ફરિયાદીને મુઢ ઈજાઓ થયેલ તથા તેના પત્નીને સાથળના મુળમાં ફ્રેકચર સહિતની ઈજાઓ થયેલ. ફરિયાદી એ અદાણી હોસ્પીટલ મુન્દ્રામાં સારવાર દરમિયાન હાલની ફરિયાદ આપેલ.

(૨) ફરિયાદીની ફરિયાદ આવયા મુન્દ્રા પોલીસ સ્ટેશને મુન્દ્રા પોલીસ સ્ટેશન પ્રથમ ગુના રજી. નંબર. ૦૦૦૮૫/૨૦૨૦, તારીખ. ૦૨/૦૨/૨૦૨૦ થી મો.સા.ના ચાલક વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૩૯, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુના દાખલ કરી આગળની તપાસ હાથ ધરેલ. તપાસ દરમિયાન તપાસ કરનાર પોલીસ અમલદાર લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધી, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી, ફરિયાદી અને તેની પત્નીને થયેલ ઈજા અંગેના સારવાર સર્ટી તપાસના કામે કબજે કરી,

આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ, જેનાં ફોજદારી કેસ નંબર ૬૩૦/૨૦૨૦ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

(૩) ત્યારબાદ આ કામના આરોપીનું ધોરણસર સમન્સ કાઢતા અને સમન્સની ધોરણ સર બજવણી થતા આરોપી પોતાના વકીલ સાથે નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ અને આરોપીને ચાર્જશીટ સાથેના કાગળોની એક નકલ સી.આર.પી.સી. ની કલમ ૨૦૭ હેઠળ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ મારા પુરોગામી મેજી. શ્રી એ આંક-૪ થી આરોપીનો જવાબ લીધેલ છે, જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં અને કેસ આગળ ચલાવવા માંગણી કરતા હાલનો કેસ આગળ ચલાવવામાં આવે છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષ નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**-: મૌખિક પુરાવાઓ તથા દસ્તાવેજી પુરાવા :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ઇકબાલ ઉર્ફે રશીદ રફીક પઠાણ ની જુબાની | ૬ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૭ |
| ૩. | દિપકભાઇ માવજીભાઇ પરમાર ની જુબાની | ૮ |
| ૪. | મુળ ફરિયાદી જાનમામદ આદમ ભટ્ટીની જુબાની | ૨૭ |
| ૫. | અસલ ફરિયાદ | ૨૮ |
| ૬. | સાહેદ સકુરાબાઇ જાનમામદ ભટ્ટીની જુબાની | ૨૯ |
| ૭. | સાહેદ મુસ્તાક જાનમામદ ભટ્ટીની જુબાની | ૩૧ |
| ૮. | ડો. રાજેશ નંદ કિશોર સુકલા ની જુબાની | ૩૪ |
| ૯. | અસલ સારવાર પ્રમાણપત્ર | ૩૫ |
| ૧૦. | તપાસ કરનાર તપાસ અમલદાર મુકેશ રાજાભાઇ ભાડકા ની જુબાની | ૩૯ |
| ૧૧. | તપાસ કરનાર તપાસ અમલદાર પ્રદિપસિંહ નાથુભા ઝાલાની જુબાની | ૪૧ |

(૫) ફરિયાદપક્ષના ઉપરોકત પુરાવા પુર્ણ થયા બાદ એ.પી.પી. શ્રી એ પુરાવા પુર્ણ થયા અંગેની મૌખિક જાહેરાત કરેલ અને ત્યારબાદ, સી.

આર.પી. સી. ની કલમ–૩૦૩ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીએ કરેલ પુરાવાનો ઈન્કાર કરેલ અને પોતે સોગંદ ઉપર પુરાવા આપવા માંગતા નથી, બચાવમાં કોઈ પુરાવા રજુ કરવા માંગતા નથી તેવું જણાવેલ તેમજ અંતમાં વિશેષમાં તેઓ નિર્દોષ હોવાની રજુઆત કરેલ.

(૬) ત્યારબાદ વિધ્વાન એ.પી.પી.શ્રી કે.એમ.પ્રજાપતી તેમજ આરોપી પક્ષે વિધ્વાન વકીલ શ્રી કે.એન.ગાગીયાની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ.

(૭) ફરિયાદ પક્ષ તરફે રજી થયેલ પુરાવાઓ તેમજ પક્ષકારોની મૌખિક રજુઆતના આધારે હાલના કેસના આખરી ન્યાયીક નિર્ણય માટે નિચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,તારીખ–૦૧/૦૨/૨૦૨૦ ના રોજ આ કામના મુળ ફરિયાદી અને તેના પત્ની પોતાન મો.સા.નંબર જી.જે ૧૨ ડી.એલ.૦૩૪૭ પર ઝરપરાથી પરત સુખપુરવાસ તરફ જતા હતા તે વખતે ન્યું મુન્દ્રા સંતોશી માતાના મંદિર નજીક રોડ ઉપર આ કામના આરોપી પોતાના હવાલા વાળી મો.સા. નંબર–જી.જે.૧૨ સી.ઈ.૨૧૮૦ પર ઝડપથી ગફલત ભરી રીતે ચલાવીને આકામના ફરિયાદીની મો.સા.ને ટકકર મારી ફરિયાદી અને તેની પત્નીને રોડ પર પછાડી દઈ, ફરિયાદીને મુઢ ઈજાઓ કરી તેમજ ફરિયાદીની પત્નીને સાથળના મુળમાં ફેકચર સહિતની ગંભીર ઈજાઓ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૯, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદા અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે અને તે માટેનાં કારણોની ચર્ચા ત્યારપછી કરવામાં આવેલ છે.

(૧) 'હકાર' માં.

(૨) આખરી હુકમ મુજબ.

**-// કારણો //-**

**મુદ્દા નંબર ૧ :-**

(૯) આરોપી વિરુધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ સૌપ્રથમ આંક-૬ થી ગુનાવાળી જગ્યાના પંચ સાહેદો ઇકબાલ ઉર્ફે રશીદ રફીક પઠાણ તેમજ આંક-૮ થી અન્ય પંચ સાહેદ દિપકભાઇ માવજીભાઇ પરમારના મૌખિક પુરાવા રજુ કરેલ છે. આ બન્ને સાહેદોના મૌખિક પુરાવાઓ ધ્યાને લેતાં તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવતા પંચનામું આંક-૭ થી રેકર્ડ પર લેવામાં આવેલ છે. વિધ્વાન એ.પી.પી.શ્રી એ બન્ને સાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કરયા બાદ પણ તેઓએ પંચનામામાં જણાવયા મુજબની હકીકતો જણાવેલ નથી.

(૧૦) ત્યારબાદ ફરિયાદપક્ષ આંક-૨૭ થી મુળ ફરિયાદી જાન મામદ આદમ ભટ્ટીને તપાસેલ છે. જેમાં સરતપાસમાં તેઓ જણાવે છે કે, બનાવ ચારેક વર્ષ અગાઉ સવારના ૧૧:૩૦ થી ૧૨:૦૦ ની આસપાસ ન્યું મુન્દ્રા સંતોશી માતાના મંદિર પાસે બનેલ. બનાવના દિવસે સાહેદ પોતાની મો.સા.થી ઝરપરાથી મુન્દ્રા આવતા હતા અને મો.સા. માં પાછળ તેમના પત્ની બેઠેલ હતાં. તેઓ ન્યુ મુન્દ્રા પહોંચ્યા ત્યારે બકાલુ લઇ મો.સા. ચાલુ કરતાં હતાં તેવામાં એક મો.સા.ચાલક ખુબ ઝડપમાં આવેલ અને તેની મો.સા ને ટકકર મારેલ. જેથી તેની પત્ની નીચે પડી ગયેલ અને તેઓ પણ નીચે પડી ગયેલ અને તેઓની ઉપર તેમની મો.સા.પડેલ. ત્યારબાદ નજીક માંથી માણસો ભેગા થઇ ગયેલ અને તેનો દિકરો મુસ્તાક પણ બકાલુ લેવા આવેલ હોય, તેની પાસે આવેલ. સાહેદ વધુમાં, જણાવે છે કે, તેની પત્નીને સાથળથી ઉપરના ભાગે પેશાબના ભાગે ઈજા થયેલી. સારવાર માટે અદાણી હોસ્પીટલમાં લઇ ગયેલા. અકસ્માત કરનાર મો.સા. નંબર સાહેદને યાદ નથી પરંતુ, અકસ્માત કરનાર મો.સા. ના ચાલક નામદાર કોર્ટમાં હાજર છે તેજ છે. સાહેદ આરોપીને અકસ્માત વખતે અકસ્માત કરનાર મો.સા. ના ચાલક તરીકે

ઓળખી બતાવે છે. ત્યારબાદ સાહેદને ફરિયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૨૮ થી રજુ કરેલ છે.

(૧૧) બચાવપક્ષ તરફની ઉલટતપાસમાં સાહેદ એ સુચનનો સ્વીકાર કરે છે કે, તેઓએ વળતર મેળવવા માટે કલેમ કેસ કરેલ છે. તેઓ ઈન્કાર કરે છે કે, વળતર મેળવવાં માટે તેમણે હાલની ફરિયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે, ન્યુ મુન્દ્રા મુકામે એટલા બધા વાહનની અવર–જવાર હોતી નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ બીજા ધણા બધા માણસો ઉભેલા હતા. એ વાત ખરી નથી કે, અકસ્માત કરનાર વાહનની સ્પીડ ૩૦ થી ૩૫ હતી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, સ્પીડ ૪૦ થી ૫૦ હશે. એ વાત ખરી નથી કે સાહેદ બનાવ પહેલાથી જ આરોપીને ઓળખે છે. એ વાત ખરી નથી કે, તેની મો.સા. સ્લીપ થઇ જવાથી પડી જવાથી તેને અને તેની પત્નીને ઈજાઓ થયેલી. તેણે ફરિયાદમાં હોસ્પીટલમાં સહી કરેલી. એ વાત ખરી છે કે, પોલીસ વાળા દવાખાનામાં આવેલ તેના નામ સરનામાં પુછેલ. એ વાત ખરી નથી કે ત્યારબાદ પોલીસવાળાએ ફરિયાદ પોતાની રીતે લખી લીધેલ. એ વાત ખરી છે કે, ફરિયાદમાં તેણે સહી કરેલી, ફરિયાદ વાંચેલ નહીં. સાહેદ સ્વૈચ્છાએ જણાવેછે કે, તેઓ એટલું ભણેલ નથી. એ વાત ખરી છે કે, ફરિયાદમાં શું લખેલ તેની તેને ખબર નથી. એ વાત ખરી છે કે, અકસ્માત બાદ તેઓ પો.સ્ટે.માં ગયેલા નથી. એ વાત ખરી છે કે, અકસ્માત બાદ તેણે પોલીસને એવું જણાવેલ નથી કે અકસ્માત હાલના આરોપી એ કરેલ છે. એ વાત ખરી છે કે, બનાવ બાદ મેજી. રૂબરૂ આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાત ખરી છે કે, અકસ્માત બાદ કહેવાતા બનાવ બાદ તેઓ, આરોપી અને પોલીસ કયાંય એક જગ્યાએ ભેગા થયેલા નથી. એ વાત ખરી છે કે, સાહેદને ઇંગ્લીંસ કે ગુજરાતી વાંચતા આવડતું નથી. એ વાત ખરી નથી કે, સાહેદ ભણેલ નહોવાથી વાહનની નંબર પ્લેટ વાંચી શકે નહીં. એ વાત ખરી નથી કે, આવો કોઇ બનાવ બનેલ ન હોવા છતાં સોગંદ ઉપર તેઓ ખોટી જુબાની આપેલ છે.

(૧૨) ત્યારબાદ ફરિયાદપક્ષ આંક–૨૯ થી સાહેદ સકુરાબાઇ જાનમામદ ભટ્ટીને તપાસેલ છે. જેમાં સરતપાસમાં તેણી જણાવેલ છે કે, આ

કામના ઈજા પામનાર ફરિયાદી તેણીના પતિ થાય છે. તેણીનો પતિ સાથેનો અકસ્માત ૪ વર્ષ અગાઉ મુન્દ્રા મુકામે થયેલ અને તેણીનો પતિ સાથેનો અકસ્માત ચાર વર્ષ અગાઉ મુન્દ્રા મુકામે થયેલ અને તેણીના પતિ ન્યુ મુન્દ્રા થી મો.સા. લઈને જતા હતાં ત્યારે તેણીના પતિને કોઈ મો.સા. ચાલક ટકકર મારી અકસ્માત કરેલ. તે વખતે તેણી પોતાના પતિ સાથે હતી. આ અકસ્માતમાં તેણીના પતિને ઈજા થયેલ નહીં પરંતુ તેણી બેભાન થઈ ગયેલ અને તેણી ભાનમાં આવેલ ત્યારે તેણી અદાણી હોસ્પીટલમાં હતી. આ અકસ્માતમાં તેણીને સાથળથી પાછળના ભાગમાં ઈજાઓ થયેલી અને તેણી ત્રણેક મહીના જેટલું ઘરે ખાટલામાં રહેલ. આ બનાવની ફરિયાદ તેણીના પતિએ આપેલ અને પોલીસે તેણીની પુછ–પરછ કરેલી.

(૧૩) બચાવપક્ષ તરફની ઉલટતપાસમાં તેણી કબુલ રાખેલ છે કે, તેણીએ વળતર મેળવવાં માટે કલેમ કેસ કરેલ છે, વળતર મેળવવાં માટે તેઓએ હાલની ફરિયાદ કરેલ છે. તેણી ઈન્કાર કરે છે, બાઈક પર થી પડી જવાથી તેણીને ઈજાઓ થયેલી, અને કોઈ બનાવ બનેલ નથી.

(૧૪) ત્યારબાદ ફરિયાદપક્ષે સાહેદ મુસ્તાક જાનમામદ ભટ્ટીને આંક–૩૧ થી તપાસેલ છે. જેમાં સરતપાસમાં સાહેદ જણાવેલ છે કે, આ કામના ફરિયાદી તેના પિતા થાય છે. બનાવ આસરે ૧ વર્ષ અગાઉ ન્યું મુન્દ્રા સંતોશી માતાના મંદિર નજીક બનેલ અને બનાવના દિવસે તેમના માતા–પિતા મુન્દ્રાથી ન્યુ મુન્દ્રા શાકભાજી લેવા માટે ગયાં હતાં અને તેઓ મો.સા.પર બેઠતા હતાં તે દરમિયાન એક ગાડી રોંગ સાઈડમાં પુરઝડપે આવી મો.સા. ને ટકકર મારેલ જેથી તેના માતા–પિતાને ઈજાઓ થયેલી, જેમાં તેના પિતાને છોલછાલ જેવી ઈજાઓ થયેલી. જયારે માતાને ગુપ્ત ભાગે ફેકચર જેવી ઈજાઓ થયેલી. સારવાર માટે તેમને સ્ટરલીંગ હોસ્પીટલમાં લઈ ગયેલા. આ અકસ્માત હોન્ડા ગાડીના ચાલકે કરલ હતું. સાહેદ વધુમાં, જણાવેછે કે, તેઓ હાર્ડવેરની દુકાનથી માલસામાન લઈને ચાલતા હતા ત્યારે સંતોશી માતાના મંદિર પાસે ટોળું ભેગુ થઈ ગયેલ હતું. સાહેદે ત્યાં જઈને જોયેલ તો, તેમના માતાપિતાને અકસ્માતમાં ઈજાઓ થયેલી અને આ બનાવની ફરિયાદ તેમના પિતાએ આપેલ. પોલીસે તેની પુછપરછ કરેલી. અકસ્માત કરનાર

મો.સા. ના માલિક પણ ત્યાં હાજર હતાં. જેને સાહેદ ઓળખી શકે, પરંતુ નામદાર કોર્ટમાં હાજર નથી.

(૧૫) બચાવપક્ષ તરફથી ઉલટતપાસમાં સાહેદ એ સુચનનો સ્વીકાર કરે છે કે, ઈજા પામનાર તેના માતાપિતા થાય છે, આ અકસ્માત સંદર્ભે તેઓએ ભુજ કોર્ટમાં વળતર મેળવવા માટે કેસ કરેલ છે, કલેમ મેળવવાં માટે હાલની ફરિયાદ કરેલ છે, બનાવ તેણે નજરે જોયેલ નથી. અંતમાં સાહેદ ઈન્કાર કરે છે કે, ઈજા પામનાર તેના માતાપિતા થતા હોય તેઓના સમર્થનમાં સાહેદે ખોટી જુબાની આપેલ છે.

(૧૬) ત્યારબાદ, ફરિયાદપક્ષ આંક–૩૪ થી ડો.રાજેશ નંદ કિશોર સુકલાને તપાસેલ છે. જેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, તેઓ તારીખ.૦૧/૦૨/૨૦૨૦ ના રોજ અદાણી હોસ્પીટલમાં ફરજ પર હતાં તે દરમિયાન સવારના ૧૧:૩૦ વાગ્યાની આસપાસ એક મહીલા સારવાર માટે આવેલી. તેમનું નામ પુછતા તેઓએ તેમનું નામ સકુરાબેન જાનમામદ, ઉ.વ.–૫૫ હોવાનું જણાવેલ અને ઈજા બાબતે પુછતા તેણીએ જણાવેલ કે, આજ રોજ ૧૧:૩૦ વાગ્યે ન્યુ મુન્દ્રા ટુ વ્હીલર થી ઈજા થયેલ છે જેથી તેમને તપાસતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ, કમરથી નીચેના ભાગે (કુલાના ભાગે) દુ:ખાવા સાથેનો સોજો હતો. તેમને પગ ઉપાડવામાં તકલીફ થતી હતી. બંને કુલાના એકસ–રે કરતા એક ફ્રેકચરની ઈજા માલુમ પડેલ હતી. આ દર્દી ને સાહેદ અંદરનાં દર્દી તરીકે દાખલ કરેલ અને પો.સ્ટે.માં જાણ કરેલ અને તા.૦૫/૦૨/૨૦૨૦ ના રોજ દવાખાના માથી રજા આપેલ. આ ઈજા ગંભીર પ્રકારની હતી અને અકસ્માત થવાથી થઈ શકે તેવી હતી. ત્યારબાદ સાહેદને અસલ સારવાર સર્ટી બતાવતા તેમાં પોતની સહી ઓળખી બતાવી આંક–૩૫ થી રજુ કરેલ છે.

(૧૭) બચાવ તરફની ઉલટતપાસમાં સાહેદ એ સુચનનો સ્વીકાર કરે છે કે, તેમણે જે દર્દીની સારવાર કરેલી તેના ઓળખના આધાર જોડેલ નહીં, જે દર્દીની સારવાર કરેલી તેમના ઓળખના આધાર સાહેદે જોયેલા ન હોવાથી તે વ્યકિત કોણ હતુ, તે સાહેદ કહી શકે નહીં. કહેવાતી ઈજાઓ વાહન પરથી

પડી જવાથી પણ થઇ શકે. અંતમાં સાહેદ એ સુચનનો ઇન્કાર કરે છે કે તેણે આવી કોઇ સારવાર કરેલ નથી.

(૧૮) ત્યારબાદ ફરિયાદપક્ષ આંક–૩૯ થી મુકેશભાઇ રાજાભાઇ ભાડકાને તપાસેલ છે. જેમાં સરતપાસમાં તેઓ જણાવેલ છે કે, તા.૦૨/૦૨/૨૦૨૦ ના રોજ તેઓ મુન્દ્રા પો.સ્ટે.માં પોતાની ફરજ પર હતાં તે દરમિયાન એ.એસ.આઇ.શ્રી પ્રદિપસિંહ એન. ઝાલાએ ગુના નંબર ૮૫/૨૦૨૦ થી ઇ.પી.કો. કલમ–૨૭૯, વગેરેની તપાસ સાહેદને સોંપેલી. તપાસના કામે અસલ ફરિયાદ, પંચનામું તથા નિવેદનો સાહેદને મળેલા.ફરિયાદ વંચાણે લેતા ફરિયાદી થી પોતાના મો.સા. થી પોતાની પત્ની સાથે જતા હતાં ત્યારે આરોપીએ પોતાની મો.સા. બેદરકારીપુર્વક ચલાવી સાહેદને ફ્રેકચર જેવી ઇજાઓ કરેલ. ત્યારબાદ આરોપી વિરુઘ્ધ પુરતા પુરાવા હોય તેને પો.સ્ટે.બોલાવી અકસ્માતમાં સંડોવાયેલ વાહનના સાધનિક કાગળો તેમની પાસેથી મેળવી પુછપરછ કરી તપાસમાં સહકાર આપવાની તેમજ નામ.કોર્ટમાં મુદતે હાજર રહેવાની શરતે જામીન મુકત કરેલ. તપાસના કામે સારવારનું સર્ટી મેળવી સામેલ રાખેલ અને જે આ કામે આંક–૩૫ થી રજુ છે તે જ છે. તપાસના અંતે આરોપી વિરુઘ્ધ પુરતો પુરવો હોય. નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

(૧૯) બચાવ તરફ થી ઉલટતપાસમાં સાહેદ એ સુચનનો સ્વીકાર કરે છે કે, તેમણે આ કામે આરોપીની અટક કરી નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી વિરુઘ્ધ પુરતા પુરવા ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૨૦) અંતમાં ફરિયાદપક્ષ આંક–૪૧ થી તપાસ કરનાર તપાસ અમલદાર પોલીસ અમલદાર પ્રદિપસિંહ નાથુભા ઝાલા ને તપાસેલ છે. જેમાં સરતપાસમાં સાહેદ જણાવે છે કે, તા. ૦૨/૦૨/૨૦૨૦ ના રોજ તેઓ મુન્દ્રા પો.સ્ટે.માં ફરજ પર હતાં. તે દરમિયાન આ કામના ફરિયાદી જાનમામદ ભટ્ટી તેઓ પાસે આવેલ અને તેઓએ પોતાના તથા પોતાની પત્નીના મો.સા. ના ચાલકે અકસ્માત કરી ઇજાઓ કરેલ હોવાની ફરિયાદ હકીકત જાહેર કરતા તેમણે લખાવ્યા મુજબની ફરિયાદ હકીકત લખી લીધેલ. સાહેદને

આંક–૨૮ વાળી ફરિયાદ બતાવતા ફરિયાદીની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે. અને સદરહુ ફરિયાદ પી.એસ.ઓ. ને ગુના દાખલ થવા માટે આપતા ગુના નં. ૮૫/૨૦૨૦ થી ઇ.પી.કો.કલમ– ૨૭૯, વગેરે મુજબનાં ગુના દાખલ કરી તપાસ સાહેદને સોપેલી. ત્યારબાદ તપાસના કામે સાહેદોના નિવેદન લીધેલા. સાહેદને આંક–૦૭ વાળું પંચનામું બતાવતા તેમા પંચોની તથા રૂબરૂ અમલદાર તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે અને ત્યારબાદ સાહેદ આગળની તપાસ મુકેસભાઇ ભાડકાને તમામ સાધનિક કાગળો સાથે સોંપી આપેલ.

(૨૧) બચાવપક્ષ તરફની ઉલટતપાસમાં સાહેદ જણાવે છેકે, એ વાત ખરી છે કે, ફરિયાદ નામ જોગ નથી, એટલે આરોપી અને ફરિયાદી એક બીજાને ઓળખતા નથી. એ વાત ખરી છે કે, મેજી. રૂબરૂ આરોપીની ફરિયાદી રૂબરૂ ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને ત્યાં માણસો અને વાહનની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ નાની મોટી દુકાનો આવેલ છે.એ વાત ખરી છે કે, જે સાહેદોના નિવેદનો લીધેલા તે ફરિયાદીના કુટુંબીજનો હતા. એ વાત ખરી છે કે, આ કામના બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેતા લોકોના નિવેદન લેવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, સાહેદોના નિવેદન સાહેદે જાતે લખી લીધેલ. એ વાત ખરી નથી કે, પંચોની હાજરીમાં પંચોની હાજરીમાં પંચનામું કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા નહોવા છતાં, ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૨૨) હાલના કેસમાં પડેલ પુરવાઓ અને કેસના સંજોગની ચર્ચા કરતાં પહેલા, ફોજદારી કાયદા શાસ્ત્રનો કરેલ સર્વ સામાન્ય નિયમ અત્રે નોંધવા જરૂરી જણાય છે. ફોજદારી કાયદા શાસ્ત્ર અનુસાર ફરિયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ તમામ વ્યાજબી શંકાથી પરે રીતે પુરવાર કરવાનો હોય છે, જો ફરિયાદપક્ષના કેસમાં કોઇ વ્યાજબી શંકા ઉપલબ્ધ થાય તો તેનો લાભ આરોપીને મળે છે. વધુમાં, એ પણ નોંધવુ યોગ્ય છે કે, ફરિયાદ એ કોઇ ગ્રંથ (એનસાયકલોપીડીયા) નથી. ફરિયાદનો હેતુ માત્ર પોલીસ મશીનરીને ગતીમાન કરવા પુરતો છે. જેથી ફરિયાદમાં બનાવની દરેકે

દરેક નાનામાં નાની વીગત હોવી જરૂરી નથી. ફોજદારી કાયદા શાસ્ત્રનાં એ પણ સર્વ સામાન્ય નિયમ છેકે, ફરિયાદપક્ષના કેસમાં રહેલ વિરોધાભાષ રેકર્ડ પર લાવવાની અને પુરવાર કરવાની જવાબદારી આરોપી પક્ષની છે. અદાલત એવા વિરોધાભાષ સ્વયંભુ ધ્યાને લઇ શકે નહીં. (સુપ્રિમકોર્ટ –ક્રિમીનલ અપીલ ૧૪/૨૦૧૬ કિશન ચંદર વિરુધ્ધ દિલ્હી રાજય ચુકાદો તારીખ. ૦૬/૦૧/૨૦૧૬) ફોજદારી કાયદા શાસ્ત્ર અનુસાર વિરોધાભાષો ગંભીર છે કે, સામાન્ય તે બાબતે વિરોધાભાષ રેકર્ડ પર આવ્યા બાદ અને સાબિત થયા બાદ અદાલતે કેસની હકીકતો અને સંજોગો ધ્યાને રાખીને નકકી કરવાનું હોય છે. જો, ફરિયાદપક્ષના કેસમાં કોઇ મોટો વિરોધાભાષ હોય તો, તેના આધારે આરોપીને શંકાનો લાભ આપવાનો રહે છે. જો, સામાન્ય વિરોધાભાષ હોય તો આરોપીને તેનો લાભ મળતો નથી. વધુમાં, નામ.સુપ્રિમકોર્ટ અને નામ.ગુજરાત હાઇકોર્ટના એવા સંખ્યાબધ્ધ ચુકાદાઓ છે કે, માત્ર હિત ધરાવનાર સાહેદો છે. તેટલા માત્ર થી તેના પુરાવા અવગણવા જોઇએ નહીં પરંતુ પુરાવાના મુલ્યાંકન વખતે અદાલતે વધારે સાવધાની રાખવાની રહેશે.

(૨૩) હવે હાલના કેસમાં પડેલ પુરવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કેસમાં મુળ ફરિયાદી કે જેઓ બનાવના નજરે જોનાર સાહેદ છે. તેઓના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓ ફરિયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થન આપે છે. તેઓ બનવનું સ્થળ અને સમય સંદર્ભે ફરિયાદને અનુરૂપ મૌખિક પુરાવાઓ રજુ કરે છે. તેમજ બનાવ કઇ રીતે બનયો તેનું વિગતવાર એકાઉન્ટ રજુ કરે છે. આ સાહેદ સત્ય બોલતા હોવાનું જણાઇ છે કારણ કે, તેઓએ નિખાલસ પણે જણાવેલ છે કે, તેઓને અકસ્માતમાં સંડોવાયેલ મો.સા. નં. હાલ યાદ નથી. તેઓ અદાલતમાં હાજર આરોપીને બનાવ વખતે અકસ્માત કરનાર મો.સા. ના ચાલક તરીકે ઓળખી બતાવે છે. આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, તેની સરતપાસમાં જણાવેલ હકીકતોનું ખંડન થાય કે તેનાથી વિરુધ્ધનો પુરવાર થાય કે ફરિયાદીએ પોતાની ફરિયાદ કે સરતપાસમાં જણાવેલ હકીકતો બાબતે કોઇ વ્યાજબી શંકા ઉત્પન્ન થાય તેવો કોઇ નીકાલ આવતો નથી. એ હકીકત બીન તકરારી છે કે, આ કામના પક્ષકાર એકબીજાને અગાઉથી ઓળખતા નથી

તથા પક્ષકારો વચ્ચે અગાઉના કોઇ મનદુ:ખ હોય કે તકરાર હોય કે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પુર્વગ્રહિત થઇ ખોટી ફરિયાદ કરેલ હોય તેવો પ્રશ્ન રહેતો નથી. ફરિયાદીની જુબાની ધ્યાને લેતાં તેમથી સંપૂર્ણ વિશ્વાસ ઉત્પન્ન થાય છે.

(૨૪) હવે ભોગ બનનાર સકુરાબેનની જુબાની આંક–૨૯ થી વંચાણે લેવામાં આવી. તેણી તેના બનાવની હકીકતોનું સમર્થન આપેલ છે. તેમજ બનાવ વખતે તેણીના પતી તેણીની સાથે હતા વગેરે હકીકત ફરિયાદને અનુરૂપ જણાવી છે. આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા તેણીની સરતપાસમાં જણાવેલ હકીકતો નહીં માનવાને કોઇ કારણ જણાતુ નથી.

(૨૫) તેવી જ રીતે, સાહેદ મુસ્તાકની આંક–૩૧ થી જુબાની ધ્યાને લેતાં આ સાહેદ પોતાની સરતપાસમાં જણાવે છે કે, આ બનાવમાં તેના માતાપિતાને ઈજા થયેલી. જેમાં પિતાને સામાન્ય ઈજા થયેલી જયારે માતાને ગંભીર ઈજાઓ થયેલી. જેની સારવાર સ્ટરલીંગ હોસ્પીટલમાં કરાવેલી. આ સાહેદ પણ બનાવના નજરે જોનાર સાહેદ છે અને તેઓ જણાવે છે કે, બનાવ વખતે આ કામના આરોપી રોંગ સાઇડમાં પુર ઝડપે પોતાની મો.સા. ચલાવીને તેના માતાપિતાને ટકકર મારતા માતાપિતાને ઈજાઓ થયેલી. આ સાહેદ પણ મો.સા. ના ચાલકને ઓળખી બતાવવાની તૈયારી બતાવે છે પરંતુ આરોપી કોર્ટમાં હાજર ન હોવાથી ઓળખી બતાવેલ નથી.

(૨૬) ત્યારબાદ આ કામના ત.ક.પો.અ.શ્રી ની જુબાની આંક–૩૯ અને ૪૧ ધ્યાને લેવામાં આવે તો, તેઓએ પણ નિયમ મુજબ તપાસ કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે અને ઉલટતપાસમાં સ્વતંત્ર સાહેદના નિવેદન લેવામાં આવેલ નથી તેવો બચાવ લેવામાં આવેલ છે. તેમજ ગુનાવાળી જગ્યા ભરચક વિસ્તાર હોવાનો બચાવ લેવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, આ કામ કરનાર અમલદાર શ્રી એ સ્વત્રંત સાહેદોના નિવેદન લીધેલ નથી કે ફરિયાદ પક્ષે કોઇ સ્વત્રંત સાહેદોનો મૌખિક પુરાવો રજુ કરેલ નથી પરંતુ નામ.સુપ્રિમ કોર્ટ અને નામ.હાઇકોર્ટના એવા સંખ્યાબધ્ધ ચુકાદાઓ છે. તપાસમાં જો કોઈ ખામી રહી ગયેલ હોય તો તેનો લાભ આરોપીને મળી શકે નહીં. હાથ પરના કેસમાં એ વાત ખરી છે કે, ફરિયાદી સાહેદ એક જ

પરિવારના સભ્યો છે અને હિત ધરાવતા સાહેદ છે, અને તેથીજ આ અદાલત તેઓના મૌખિક પુરાવાઓના ઝિણવટપૂર્વક અભ્યાસ કરેલ છે અને આરોપીને ગુનામાં ખોટી રીતે સંડોવી દેવાની કોઇ પણ સાહેદની લાગણી હોય તેવું જણાઇ આવતું નથી.

(૨૭) પક્ષકાર અગાઉથી એકબીજાને ઓળખતા હોઇ કે તેઓ વચ્ચે કોઇ અંગત વયમનસ્ય હોય તથા આરોપીને ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ હોય તેવું જણાઇ આવતું નથી. ફરિયાદી સાહેદના મૌખિક પુરાવાથી ફરિયાદપક્ષના કેસમાં સંપૂર્ણ વિશ્વાસ સંપાદન થાય છે. આમ, ફરિયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતા ફરિયાદી ભોગ બનનાર સાહેદ સકુરાબેન ના મૌખિક પુરાવાઓ નહીં માનવાને કોઇ કારણ જણાતું નથી. વધુમાં, આંક–૩૪ થી તપાસવામાં આવેલ ડો.રાજેસ સુકલાની જુબાની તેમજ આંક–૩૫ થી રજુ થયેલ સારવાર સર્ટી ધ્યાને લેતાં અકસ્માતમાં ભોગ બનનાર સકુરાબેનને કમર થી નીચેના ભાગે બંને કુલા ના એકસ–રે કરતાં એક કુલામાં ફ્રેકચરની ઈજા માલુમ પડેલ. જેથી દર્દીને અંદરના દર્દી તરીકે સારવાર આપવામાં આવેલ છે અને ૫ દિવસ બાદ રજા આપવામાં આવેલ છે. આમ, ફરિયાદ સાહેદના મૌખિક પુરાવાનાં તબીબી પુરાવા થી પણ સંપૂર્ણ સમર્થન મળેલ છે. તેમજ તબીબી પુરાવા નહીં માનવાને કોઇ કારણ જણાતુ નથી.

(૨૮) આમ, મારી ઉપરોકત ચર્ચાને આધારે હું એવા આખરી નિર્ણય ઉપર આવુ છું કે, તારીખ– ૦૧/૦૨/૨૦૨૦ ના રોજ આ કામના મુળ ફરિયાદી અને તેના પત્ની મો.સા. નંબર જી.જે.૧૨ ડી.એલ.૦૩૪૭ ઉપર ઝરપરાથી પરત સુખપુરવાસ તરફ જતા હતાં ત્યારે, રસ્તામાં ન્યુ મુન્દ્રા સંતોશી માતાના મંદિર નજીક રોડ પર પહોંચયા ત્યારે મુન્દ્રા ગામના આરોપી પોતાના હવાલાવાળી મો.સા.નં. જી.જે.૧૨ સી.ઈ.૨૧૮૦ પર પુર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરિયાદીની મો.સા.ને ટકકર મારતા ફરિયાદી અને તેની પત્ની મો.સા.પરથી પડી ગયેલ. જેમાં ફરિયાદીને સામાન્ય ઈજાઓ થયેલ, જયારે તેમની પત્નીને કુલાના ભાગે ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ થયેલ હોવાની ફરિયાદપક્ષ તમામ વ્યાજબી શંકા થી પરની રીતે સાબિત કરવામાં સફળ થયેલ છે. અને જેથી મુદ્દા નંબર–૧ નો જવાબ ''**હકારમાં**'' આપી મુદ્દા

નંબર -૨ સંદર્ભે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>-:: આખરી હુકમ ::-</u>

(૧) આ કામના આરોપી **ગીરધારીસિંહ ઉમેદસિંહ રાઠોડ**, ઉ.વ.૪૨ મુળ રહે, રસીદપુર, નાગૌર, થાણા-મૌલાસર રાજસ્થાન હાલે રહે, સાવેત્રી નગર સોસાયટી, સમાઘોઘા, તા-મુન્દ્રા વાળાને બિ.એન.એસ.એસ. ની કલમ ૨૩૨(૨) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ- ૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૧૭, ૧૮૪, મુજબના શિક્ષા પાત્રના ગુનાના કામે તકસીરવાર ઠરાવવામાં આવે છે.

(૨) સજા અંગે આરોપીને સાંભળવા પર મુલતવી.

હુકમ આજરોજ તારીખ **બારમી**, માહે: માર્ચ,સને- બે હજાર છવ્વીસનાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

**(હિતેષ જયંતિલાલ તન્ના)**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,અને
એડી.ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ
મુન્દ્રા-કચ્છ.
જજ કોડ: જી.જે.૦૦૯૫૫.

સ્થળ : મુન્દ્રા-કચ્છ.
તારીખ: ૧૨/૦૩/૨૦૨૬.

## <u>-: વધુ હુકમ :-</u>

(૧) સજા અંગે આરોપી તરફે વિ.વ.શ્રી. કે.એન.ગાગીયા તથા ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે.એમ.પ્રજાપતી ને સાંભળ્યાં.

(૨) શ્રી કે.એમ.ગાગીયાની રજુઆત છે કે, આરોપીનો આ પ્રથમ ગુનો છે, આરોપી કુટુંબ કબીલા વાળા છે. ઘરમાં એક માત્ર કમાવનાર ઈશમ છે, તેમજ ગુનાની ગંભીરતા ધ્યાને રાખી આરોપીને પ્રોબેશનનો લાભ આપીને હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૩) સામાપક્ષે વિધ્વાન એ.પી.પી શ્રી રજુઆત કરે છે કે, આરોપી વિરુધ્ધ ગુનો પુરવાર થયેલ છે, આરોપીએ પોતાના હવાલાવાળા મો.સા. પર ઝડપથી ગફલતભરી રીતે હંકારી ભોગ બનનાર સકુરાબેનને ગંભીર ઈજાઓ પહોંચાડી છે. જેનાં લીધે ભોગ બનનારને શારીરિક અને

માનસીક યાતનાઓનો ભોગવવી પડેલ છે. તેઓ વધુમાં, રજુઆત કરેલ છે કે, દિન પ્રતીદીન સજા વિભાગ વધતા જાય છે અને આ પ્રકારના અકસ્માતના બનાવ વધવા પામેલ છે. જેથી સમાજમાં દાખલો પડાવવા કાયદામાં જણાવ્યાં મુજબની પુરે પુરી સજા કરવા અરજ કરેલ છે.

(૪) ઉભયપક્ષની રજુઆત તેમજ કેસનાં રેકર્ડ ધ્યાને લેતાં આરોપી વિરુધ્ધ ગુનો સાબિત થયેલ છે. આરોપીના કૃત્યથી ભોગ બનનાર કે જે એક સ્ત્રી છે. તેણીએ શારીરિક અને માનસીક યાતના માંથી પસાર થવુ પડેલ છે અને આમ છતાં આરોપીની વર્તણુક જોતા, આરોપી સ્થળ પરથી નાસી ગયેલ નથી, પરંતુ એક સારા નાગરીક તરીકે સ્થળ પર હાજર રહેલ છે. ફરિયાદી તથા ભોગ બનનારને દવાખાને સારવાર માટે લઇ ગયેલ છે. જેથી આરોપીની તે વર્તણુક પણ આ તબકકે ધ્યાને લેવા ધટે., જેથી તમામ સંજોગો ધ્યાને રાખી સજા અંગે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–:: આખરી હુકમ ::–</u>

**(૧)** આ કામના આરોપી **ગીરધારીસિંહ ઉમેદસિંહ રાઠોડ,** ઉ.વ.૪૨ મુળ રહે, રસીદપુર, નાગૌર, થાણા–મૈલાસર રાજસ્થાન હાલે રહે,સાવેત્રી નગર સોસાયટી, સમાધોધા, તા–મુન્દ્રાવાળાને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૧૭, ૧૮૪, મુજબના શિક્ષાપાત્રના ગુનાના કામે કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર) દંડ તેમજ જો દંડ ન ભરે તો એક માસ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૨)** ઉપરોકત દંડની રકમ રૂપિયા પંદર હજાર માંથી રૂપિયા દસ હજાર ભોગ બનનાર સકુરાબેન જાનમામદ ભટ્ટી ને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૩)** આરોપીએ અગાઉ આપેલ જામીન તેમજ જાત મચુરકા રદ કરવા.

(૪) આ ચુકાદાની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ તારીખ બારમી, માહે: માર્ચ, સને– બે હજાર છવ્વીસનાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : મુન્દ્રા–કચ્છ.
તારીખ: ૧૨/૦૩/૨૦૨૬.

**(હિતેષ જયંતિલાલ તન્ના)**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,અને
એડી.ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ
મુન્દ્રા–કચ્છ.
જજ કોડ: જી.જે.૦૦૯૫૫.

(બિ.એ.વાઢેળ,ગુજ.સ્ટેનો)

નામદાર સુપ્રિમ કોર્ટનાં મનોજભાઇ જેઠાભાઇ પરમાર (રોહીત) વિરુધ્ધ ગુજરાત રાજય–૨૦૨૦(૦) એ.આઇ.જે.ઇ.એલ.– એસસી ૭૬૨૫૯ થી પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં આપવામાં આવેલ ગાઇડ લાઇન્સ મુજબ, હાલનાં કેસમાં રજુ થયેલ સાહેદો, પુરાવા તથા મુદામાલ અંગેનો ચાર્ટ નિચે મુજબ છે:–

**<u>ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવો</u>**

| સાહેદ નંબર | સાહેદનું નામ | વર્ણન |
|---|---|---|
| ૧. | ઇકબાલ ઉર્ફે રશીદ રફીક પઠાણ ની જુબાની | પંચ સાહેદ (ગુનાવાળી જગ્યાના પંચનામાંના પંચ) |
| ૨. | દિપકભાઇ માવજીભાઇ પરમાર ની જુબાની | પંચ સાહેદ (ગુનાવાળી જગ્યાના પંચનામાંના પંચ) |
| ૩. | જાનમામદ આદમ ભટ્ટીની જુબાની | મુળ ફરિયાદી |
| ૪. | સકુરાબાઇ જાનમામદ ભટ્ટીની જુબાની | સાહેદ |

| | | |
|---|---|---|
| **૫.** | મુસ્તાક જાનમામદ ભટ્ટીની જુબાની | સાહેદ |
| **૬.** | ડો. રાજેશ નંદ કિશોર સુકલા ની જુબાની | ડોક્ટર સાહેદ |
| **૭.** | મુકેશ રાજાભાઇ ભાડકા ની જુબાની | પોલીસ સાહેદ (તપાસ કરનાર અમલદાર) |
| **૮.** | પ્રદિપસિંહ નાથુભા ઝાલાની જુબાની | પોલીસ સાહેદ (તપાસ કરનાર અમલદાર) |

## <u>ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા</u>

| **આંક** | **દસ્તાવેજનું વર્ણન** | **કોની જુબાનીમાં પુરવાર થયા** |
|---|---|---|
| **૭** | ગુનાવાળી જગ્યાનું પંચનામું | **સાહેદ નંબર.૧** |
| **૨૮** | અસલ ફરિયાદ | **સાહેદ નંબર.૩** |
| **૩૫** | અસલ સારવાર પ્રમાણપત્ર | **સાહેદ નંબર.૬** |

## <u>મુદ્દામાલ</u>

| **મુદ્દામાલ પાવતી નંબર** | **મુદ્દામાલનું વર્ણન** | **કોની જુબાનીમાં પુરવાર થયા** |
|---|---|---|
| – | – | – |

* * *